રજુ તારીખ	:	૧૭/ ૧૨/ ૨૦૨૫		
દાખલ તારીખ	:	૧૭/ ૧૨/ ૨૦૨૫		
ફેંસલ તારીખ	:	૦૧ / ૦૪/ ૨૦૨૬		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ

મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પી.ડી. જેઠવા સાહેબશ્રીની કોર્ટમાં, મું.અરવલ્લી @ મોડાસા.

ફોજદારી કેસ નંબર : ૩૮૧૮/૨૦૨૫

આંક :–

ફરીયાદી : મોહમદફારુક ગનીભાઈ ચાંપાનેરીયા,ઉ.આ.વ.૩૮,
ધર્મે: મુસ્લીમ, ધંધો: ખેતી,
રહે.,૫૧, શમ્મે હીદાયત સોસાયટી,ડુઘરવાડા
રોડ,મોડાસા,તા.મોડાસા, જિ.અરવલ્લી.

વિરુધ્ધ.

આરોપી : અહેમદભાઈ અલ્લારખભાઈ વણજારા,ઉ.આ.વ.૪૬
ધંધો:દલાલી,રહે: કઉ સાંગાના મુવાડા,
તા. મોડાસા, જી. અરવલ્લી.

ગુન્હો : <u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>

// ફરીયાદી તરફે વિ.વ..................શ્રી એમ.એમ. પટેલ //	
// આરોપી તરફે વિ. વ. .... શ્રી એસ.એન. અમીન //	

:: જજમેન્ટ ::

(૧) આ કામનાં ફરીયાદીએ આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ધારા–૧૩૮ મુજબની અત્રેની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની ટુંકી હિસ્ટ્રી :–

વ્યાખ્યા :–

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટમાં ''ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ''ની કયાંય વ્યાખ્યા આપવામાં આવેલ નથી, પરંતુ કલમ–૧૩ માં જણાવેલ છે કે, ***it means a promissory note, bill of exchange or cheque payable either to order or to bearer.***

સામાન્ય રીતે ચેકનું ચલણ ૧૭ મી સદીમાં ઈગ્લેંડમાં શરૂ થયેલ અને ૧૭ મી સદીનાં મધ્યમાં ઈગ્લેંડમાં કોમર્શીયલ બેન્કીંગનાં પ્રારંભ થતા આ વ્યવહારનું ચલણ થતું રહયું. આ ઉપરાંત ઈગ્લેંડમાં સિવીલ વોરની પહેલા **કિંગ ચાર્લ્સ ફર્સ્ટ** તથા **ગોલ્ડ સ્મીથ** વચ્ચે નાણાંની લેવડ–દેવડનો વ્યવહાર શરૂ થતા *receipt noted* આપવામાં આવતી હતી.

ચેકનો શબ્દ પ્રથમ ***J. W. Gilbart*** દવારા તેની બુક ***"Practical treatise on banking publised in 1828"*** માં ઉલ્લેખ કરેલ હતો. અઢારમી સદીનાં મધ્યમાં ચેકનો વ્યવહાર સામાન્ય થતો ગયો.

ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટ ઈંગ્લીશ લો ઉપરથી ઉતરી આવેલો કાયદો છે. આ કાયદાનું ખરુ ઘડતર ઈન્ડીયન લો કમીશન દવારા ૧૮૬૬ માં કરવામાં આવેલ. આ કાયદામાં સામાન્ય સુધારાઓ થવા છતા આ કાયદો તેમનાં મુળ સ્વરૂપે સાથે જળવાઈ રહેલો છે. (સંદર્ભ : cheques in law and practice. Sixth edition written by Mr. M.S. Parthasarthy જે બુક આણંદ કોર્ટમાં કોર્ટ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે તે વંચાણે લીધેલ છે.)

આમ, ઉપરોકત મુજબની આ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની પ્રાથમિક હિસ્ટ્રી વર્ણવવામાં આવેલ છે.

જયારે વર્તમાન સમયમાં આ વ્યવહાર દિન–પ્રતિદિનનો વ્યવહાર થઈ ગયેલો છે અને ભારતનાં લોકોનાં જીવનઘોરણમાં વણાઈ ગયેલો વ્યવહાર થઈ ગયેલ છે અને તેને ભારતમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ તરીકે ઓળખવામાં આવે છે, જેમાં છેલ્લો સુધારો સને–૨૦૦૨ માં થયેલ છે તે વર્તમાનમાં કાર્યરત છે.

આ કામનાં ફરીયાદીએ આરોપી સામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબની અત્રેની કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

(૨) કેસની ટુંકી વિગત :–

આ કામે ફરીયાદીની ફરીયાદની હકિકત જોવામાં આવે તો,ફરીયાદી મોડાસા રહે છે અને આ કામના આરોપી જમીન લે વેચનો ધંધો કરતા હોઈ તેના કારણે ફરીયાદીને મળેલા અને આ કામના આરોપીએ સદર જમીન મોજે કઉ, તા.મોડાસા સીમના નવો સર્વે નંબર : ૧૨૬ ખાતા નંબર:૧૫૩ હે.૦.૨૦–૪૪ ચો.મી. વાળી ખેતીની જમીન સંયુકત માલીકીની હતી તે જમીન બતાવેલી અને જે જમીન તા.૦૪/૦૧ /૨૦૨૫ ના રોજ બાના કરારનો સ્ટેમ્પ રજીસ્ટર નોટરી સાથે કરાવેલ હતો તે મુજબ ૧ વિઘાની કિમત રૂ.૧૨,૭૦,૦૦૦/–મુજબ નકકી કરી જમીન મુજબની વેચાણ કિમત રૂ.૧૦,૯૧,૬૨૩/– નો સોદો લખી અને તે કરાર મુજબ રૂ.૫,૦૦,૦૦૦/– આ કામના આરોપી તેમજ ખોખર શૈલેષભાઈ પ્રતાપભાઈ અને ખોખર મહેશભાઈ પ્રતાપભાઈ અને રફીકભાઈ નબીબક્ષ વણજારાની હાજરીમા આપેલા .વિશેષમાં ફરિયાદીએ જણાવેલ છે કે, જમીનનુ ટાઈટલ કલીયર કરી દસ્તાવેજ

કરાવવાનો હતો પરંતુ બાના કરાર મુજબ જમીનનુ ટાઈટલ કલીયર કરી દસ્તાવેજ કરાવવાનો હતો સમય જતાં દસ્તાવેજ ન કરી આપતા બાના બતાવતા ફરીયાદીએ સદર બાનાખત મુબજની રકમ પરત વસુલ કરવા તા.૨૧/૦૬/૨૦૨૫ ના રોજ એડવોકેટ અશોકભાઈ કડીયા મારફતે નોટીસ આપેલી .આરોપી તેમજ અન્ય ખાતેદાર તેમજ વ્યકિતઓ ફરીયાદી પાસે આવેલા અને સમાધાન કરી રકમ પરત આપવા તા.૦૮/૦૯/૨૦૨૫ ના રોજ રૂ.૩૦૦/– સ્ટેમ્પ ઉપર કરાર લેખ કરેલો.વિશેષમાં ફરિયાદીએ જણાવેલ છે કે,આરોપીએ ધી સાબરકાઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક મોડાસા શાખાનો આ કામના આરોપીના ખાતાનો રૂ.૨,૬૦,૦૦૦/–નો તે કરાર લેખમા જણાવેલ બીજી તરફવાળા ૧,૨,૩ અને ૪ નાએ લીધેલ રકમ પેટે આ કામના આરોપી બીજી તરફવાળા નં.૩ અને જવાબદારી સ્વીકારી તા.૧૦/૧૧/૨૦૨૫ ના ચેક નં.૦૩૦૦૫૧ નો ચેક આપેલ અને તે મુજબ તે કરાર લેખ આધારે તે કરારના બીજી તરફવાળા ૪ ની જવાબદારી ૪/૧ દીલદારભાઈ નબીબક્ષભાઈ વણજારાએ પણ જવાબદારી સ્વીકારી રૂ.૧,૩૦,૦૦૦/– નો સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. મોડાસા શાખાનો તા. ૧૦ /૧૧/૨૫ નો ચેક નંબર:૦૩૦૦૦૧ નો ચેક આ કામના આરોપીએ આપેલો .વિશેષમાં ફરિયાદીએ જણાવેલ છે કે,નોટરી રૂબરૂ ફોટા લગાવી સહીઓ કરેલી તે મુજબ આ કામના આરોપી ફરીયાદીને રૂ.૨,૬૦,૦૦૦/– નો આ કામના આરોપીના ખાતાનો તમામ વિગત ભરી ચેક નં.૦૩૦૦૫૧ એકાઉન્ટ નં.૧૧૫૦૦૦૯૩૬૨૮ નો ધી સાબરકાઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેક લી. મોડાસા શાખાનો

તા. ૧૦/૧૧/૨૫ ના રોજ આરોપીએ સહીકરી જે ચેક ફરીયાદીને તા. ૧૦/૧૧/૨૫ ના રોજ ફરીયાદીના ધી સર્વોદય સહકારી બેંક લી. મોડાસા શાખામાં રજુ કરતા ચેક કલીયરીગમા જતાં તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ ''ફંડ ઈનસફીયન્ટ '' ના શેરા સાથે ચેક પરત ફરેલ . જેની જાણ ફરીયાદીને બેકે તે જ દિવસે કરેલી .જેથી ફરીયાદીએ આરોપીને તા. ૧૮/૧૧/૨૫ નારોજ રજી.પો. એ.ડી. ધ્વારા નોટીસ રજીસ્ટર ઈનથી મોકલાવેલ જે આરોપીને તા. ૧૯/૧૧/૨૫ ના રોજ બજી ગયેલ હોવાછતાં મુદતમાં ચેકની વિગતેનાં નાણાં ચુકવી આપેલ નથી. આથી, આ કામના આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગંભીર શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય આરોપી સામે ચેકના નાણાં પરત અપાવવા ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે.

(૩) **<u>પ્રોસેસ નકલ તથા પ્લી સંબંધે :–</u>**

આરોપી વિરૂઘ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ તથા દસ્તાવેજની નકલો પુરી પાડવામાં આવેલ તેની ખાત્રી કરવામાં આવેલ છે. ફરીયાદની હકિકત વાંચી, સંભળાવતા આરોપી ગુનાનો ઈન્કાર કરતા તે સબબ તેઓનું નિવેદન **આંક–૦૭** થી લેવામાં આવેલ છે. બાદમાં ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.ફરીયાદ પક્ષે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબનાં શિક્ષાપાત્ર ગુનાનો પોતાનો કેસ સાબીત કરવા પુરાવો આગળ નોંધવામાં આવેલ છે.

(૪) **<u>પુરાવાઓ :–</u>**

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

મૌખીક પુરાવો

ક્રમ	સાહેદ	આંક
૧	ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ	૦૪

દસ્તાવેજી પુરાવો

ક્રમ	દસ્તાવેજ	આંક
૧	ચેક બેંકમાં જમા કરાવેલ તે અંગેની સ્લીપ અડધીયુ	૦૮
૨	ફરીયાદવાળો અસલ ચેક નં.૦૩૦૦૫૧	૦૯
૩	ચેક રીટર્ન મેમો	૧૦
૪	નોટીસ રજી.એ.ડી. કર્યાની પોસ્ટની અસલ રસીદ	૧૧
૫	ફરીયાદીએ વકિલશ્રી મારફત આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસ	૧૨
૬	પોસ્ટ ખાતાની ટ્રેક કન્સાઈનમેન્ટ	૧૩
૭	આરોપીએ રકમ સ્વીકારેલ જેના કરારલેખની ખરી નકલ	૧૪

ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી. વધુમાં ફરીયાદ પક્ષે **આંક–૧૮** થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

આરોપીપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં કોઈપણ પ્રકારનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી.

(૫) દલીલો :–

(અ) ફરીયાદ પક્ષની દલીલ :–

આ કામે ફરીયાદ પક્ષે વિ.વકીલશ્રી દવારા ધારદાર મૌખીક દલીલો કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેક ''ફંડસ ઈનસફીસીયનટ'' ના શેરા સહિત પરત ફરેલ છે અને તે અંગેની નોટીસ આરોપીને સમય મર્યાદામાં આપેલ છે જે આરોપીને મળેલ છે પરંતુ મુદતમાં ચેકની વિગતનાં નાણાં ચુકવી આપેલ નથી. જેથી ફરીયાદનું કારણ ઉપસ્થિત થયેલ છે.

ત્યારબાદ આરોપીએ ગુનો કબુલ ન રાખતા ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા રાખેલ છે. જે પુરાવા લગત આરોપી પક્ષે કોઈપણ પ્રકારની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.અને આક:૧૭ ની અરજી લગત આરોપીનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. તે સમગ્ર ઘ્યાને લેવામાં આવે તો પહેલેથી આરોપીપક્ષ કોઈ રીબટલ કરી શકેલ નથી. તેથી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ નુ અનુમાન આરોપીની વિરૂઘ્ધમાં જાય છે. તે અનુમાનનુ ખંડન કરવા માટે પણ આરોપી દવારા નામદાર કોર્ટમાં કોઈપણ પ્રકારના પુરાવાઓ રજુ કરેલા નથી. આરોપી પાસેથી ફરીયાદીના કોઈ કાયદેસરના લેણા નીકળતા ન હતા તે બાબતેનો કોઈ બચાવ આરોપી દવારા રજુ કરવામા આવેલ નથી. ચેક તેઓના ખાતાનો ન હતો અને ચેક ઉપરના હસ્તાક્ષર પણ આરોપીના નથી તે બાબતેનો પણ કોઈ બચાવ આરોપી દવારા લેવામા આવેલ નથી. તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણા ચુકવવા ઉપરોકત ચેક આપેલ છે. ફરીયાદીને આરોપીએ ચેક આપેલાનું પુરવાર થાય છે. આરોપી સામે ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ હોય આરોપીને કાયદામાં સ્થાપિત જોગવાઈ મુજબે મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

(બ) <u>આરોપી પક્ષની દલીલ :–</u>

સદર કામે આરોપી તરફે વિ.વકીલશ્રી ઘ્વારા મૌખિક દલીલો કરવા માટે કામ રાખવામાં આવેલ છે. પરંતુ આ કામના આરોપી કે તેમના વિ.વકીલશ્રીએ મુદતે હાજર ન રહેતાં તા. ૨૦–૦૩–૨૦૨૬ ના રોજ આરોપી તરફે દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે. જેથી આરોપી તરફે કોઈપણ પ્રકારની દલીલો કરવામાં આવેલ નથી.

(૬) <u>નિર્ણય અર્થેનાં મુદ્દાઓ :–</u>

ઉપરોકત હકિકતનાં આધારે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત

થાય છે.

–: મુદ્દાઓ :–

મુદ્દા નં.૧ :– શું ફરીયાદ પક્ષ સાબિત કરે છે કે, ફરીયાદીની લેણી રકમની પરત ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને નીચે મુજબનો ચેક આપેલ.

અનુ.	બેન્કનુ નામ	તારીખ	ચેક નંબર	રકમ
૧	ધી સા.કાંઠા ડી. સે.કો.ઓપ.બેંક , મોડાસા શાખા	૧૦–૧૧ –૨૫	૦૩૦૦૫૧	૨,૬૦,૦૦૦/–

જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં જમા કરતા, તે ચેક આરોપીની બેંકે નકારતાં ચેક પરત ફરેલ અને ચેક મુજબના નાણાં ફરીયાદીએ નોટીસ આપવા છતાં તે મુજબની લેણી રકમ વસુલ નહીં આપી આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૨ :– શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

–: નિર્ણયો :–

મુદ્દા નં. ૧ :– હકારમાં

મુદ્દા નં. ૨ :– આખરી હુકમ મુજબ

–:: પુરાવાનું મુલ્યાંકન ::–

–: કા ર ણો :–

મુદ્દા નં.૧ અને ૨.

(૮) આ કામે મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા નીચે મુજબની કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

નેગો. ૧૩૮ :– ખાતામાં અપુરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :–

સમગ્ર રીતે અથવા અંશતઃ કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેંક સાથે સમજુતીની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતાં વધારે છે ત્યારે,

આવી વ્યકતિએ ગુનો કર્યો ગણાશે અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા તથા ચેકની રકમની બે ગણી રકમનો દંડ અથવા બંન્ને, પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે (અ) જયાં સુધી ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદામાં માન્ય હોય તે મુદત એ બે માંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય. (બ) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારન જેમ હોય તેમ, તે ચેક વણચુકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના ત્રીસ દીવસની અંદર તે ચેક લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીથી માંગણી કરે નહી અને (ક) જયાં સુધી એવો ચેક લખનાર ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમ ધારકને જેમ હોય તેમ ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહીં ત્યાં સુધી કલમમાનું કશું લાગુ પડશે નહીં.

<u>સ્પષ્ટીકરણઃ–</u> આ કલમના હેતુ માટે, **"દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે."**

<u>કલમ–૧૩૯:–</u> ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ–

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે કેમ તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના

કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત કરવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચુકવ્યો પરત થયેલો ચેક હાલનુ કાયદેસરનુ દેવુ કે જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવશે.

આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલા વણચુકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટે ન હતો, તેમ કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે.

કલમ–૧૪૨ :– ગુનાનું કોગ્નીઝન્સ

(અ) કોઈપણ કોર્ટ, કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકશે નહી સિવાય કે ચેક લેનાર અથવા પ્રસંગ પ્રમાણે તેનાં ધારકે કરેલી લેખીત ફરીયાદ ઉપરથી હોય.

(બ) કલમ–૧૩૮ પરંતુ ક નાં ખંડ (ક) હેઠળ જે તારીખે દાવાનું કારણ ઉપસ્થિત થયું તે તારીખથી એક મહિનાની અંદર એવી ફરીયાદ કરી હોવી જોઈએ.

પરંતુ જો ફરીયાદી અદાલતને સંતોષ આપી શકે, સમયમર્યાદામાં ફરીયાદ નહી કરવા માટે તેની પાસે પુરતું કારણ હતુ તો, અદાલતે ઠરાવેલ સમયમર્યાદા પછી ફરીયાદ ધ્યાન ઉપર લઈ શકશે.

(ક) મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગનાં જયુ. મેજીસ્ટ્રેટથી ઉપરતા દરજ્જાની કોઈપણ કોર્ટ કલમ–૧૩૮ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનો ચલાવી શકશે નહી.

(ડ) પરત કરાયેલ ચેક માટે એક જ વખત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકાય, પાવર ઓફ એટર્નીની રૂએ આપેલ ચેક પરત થાય તો પાવર ઓફ એટર્ની ધારક કુલમુખત્યારનામું આપનાર સામે ફરીયાદ થઈ શકે.

(૯) <u>એપ્રીનીએશન ઓફ એવીડન્સ :–</u>

<u>ન્યાયીક નિર્ણય અર્થે પેટા મુદ્દાઓ :–</u>

આ કામે આરોપી સામે ફરીયાદપક્ષ દવારા આ ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે. આ ફરીયાદનાં ન્યાયીક નિર્ણય અર્થે તથા સમજવામાં સરળતાનાં હેતું સબબ નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે. જેથી ન્યાયીક નિર્ણય કરતી વખતે સરળતા રહે જે નીચે મુજબ છે.

આ કામે ફરીયાદી દવારા આરોપી સામે તા.૧૭–૧૨–૨૦૨૫ નાં રોજ આ ફરીયાદ દાખલ કરેલ હોય, ત્યારબાદ મારા દવારા ફરીયાદીનું વેરીફીકેશન રેકર્ડ કરવામાં આવતા, સી.આર.પી.સી.કલમ–૨૦૪ અન્વયે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે અન્વયે આ કામે આરોપી હાજર થતા **આંક–૦૭** થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે અને આ કામે સમગ્ર પુરાવો પુરો થતા આરોપીનું સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા
માટે કામ રાખવામાં આવેલ છે પરંતુ તા.૨૦–૩–૨૬ ના રોજ મુદતે હાજર ન રહેતાં નામદાર કોર્ટ ધ્વારા આરોપીનોવિષેશ નિવેદન નોધવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષે તેમની મૌખીક જુબાની એટલે કે સરતપાસનું સોગંદનામું **આંક–૪** થી લેખીતમાં રજુ રાખેલ છે પરંતુ તે અન્વયે આરોપી પક્ષે પોતાની કોઈપણ પ્રકારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી ત્યારે આ કામે સમગ્ર કેસની હકિકતો ધ્યાને લેતા પુરાવો અલેન્થ લેવામાં આવેલ છે, તેથી DENOVA અંગેનો આ કામે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થવા પામેલ નથી કે બન્ને પક્ષે આ અંગેની કોઈ તકરાર લેવામાં આવેલ નથી.

આ ઉપરાંત ફરીયાદપક્ષે પોતાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવાઓ ઉપરોકત કામે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે, તેને વંચાણ અર્થે આંક પાડવામાં આવેલ છે અને ન્યાયીક નિર્ણય અર્થે ધ્યાને લેવામાં આવેલ છે.

આ કામે ફરીયાદપક્ષે **આંક–૧૮** થી પોતાનો પુરાવો પુરો થવાની અરજી

આપતા તે રેકર્ડ કરવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી તરફે આરોપીનું ફર્ધર સ્ટેટમેન્ટ નોંધવામાં આવેલ નથી.

આ કામે ન્યાયીક નિર્ણય કરતી વખતે જે મહત્વનાં મુદ્દાઓ ધ્યાને લેવા જરૂરી જણાતા હોય તે નીચે મુજબ વર્ણવેલ છે.

(૧) ફરીયાદી તથા આરોપી વચ્ચેનો વ્યવહાર સમગ્ર રીતે કે અંશત: કોઈ દેવું કે જવાબદારી અદા કરવા માટેનો હતો કે કેમ ?

આ કામે આરોપી તથા ફરીયાદી એકબીજાને ઓળખતા ન હોવા સંબંધેનો કોઈ આરોપીનો બચાવ કે તકરાર નથી. જે ન્યાયીક નિર્ણય કરતી વખતે ધ્યાને લીધેલ છે.

આ કામે પ્રથમ જોઈએ તો વ્યવહાર બન્ને વચ્ચે સમગ્ર રીતે કે અંશત: કોઈ દેવા કે જવાબદારી અદા કરવા માટે હતો કે કેમ ? આ અન્વયે ફરીયાદ પક્ષે તેમની ફરીયાદમાં તથા સરતપાસનાં સોગંદનામામાં એવી હકિકતો વર્ણવેલ છે કે, આરોપી ફરીયાદી સંસ્થાના સભાસદ થતા હોય તે નાતે ફરીયાદી પાસે રૂા.૪,૪૪,૦૯૨/– કે.સી.સી. મુદત, કંઝપ્શન, મ.મુદતની લોન તા. ૧૦/૬/૨૦૧૫ ના રોજ મેળવેલી. આરોપીએ તેમના ધીરાણ ખાતાની બાકી રકમ ચૂકવવા આરોપીએ જવાબદારી સ્વીકારેલી. જે સમય થતાં ફરીયાદીની માંગણી અનુસંધાને આરોપીએ નીચેની વિગતે ચેક ફરીયાદીને આપેલ.

અનુ.	બેન્કનુ નામ	તારીખ	ચેક નંબર	રકમ
૧	ધી સા.કાંઠા ડી. સે.કો.ઓપ.બેંક, મોડાસા	૧૦ –૧૧–૨૦૨૫	૦૩૦૦૫૧	૨,૬૦,૦૦૦/–

ફરીયાદીએ ઉપરોકત ચેક કલીયરન્સ માટે ધી સર્વોદય સહકારી બેંક, મોડાસા શાખાના પોતાના બેંક ખાતામાં તા.૧૧–૧૧–૨૦૨૫ ના રોજ જમા કરાવેલ અને સદર ચેક '' ફંડસ ઈનસફીસીયનટ'' ના શેરા સાથે પરત આવેલ. જે ચેક રીટર્ન

થવાથી બેકે ફરીયાદીને તા. ૧૩/૧૧/૨૫ ના રોજ રીર્ટન મેમો આપેલ છે.જેથી ફરીયાદીએ તા.૧૮–૧૧–૨૦૨૫ ના રોજ ધી નેગોશિયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપીને તેઓના વિધ્વાન વકીલશ્રી મારફત આર.પી.એડી.થી નોટીસ મોકલી આપેલી જે નોટીસ આરોપીને તા.૧૯–૧૧–૨૦૨૫ ના રોજ મળી ગયેલ જેથી આરોપીને નોટીસ **બજી ગયેલ હોવાછતાં મુદતમાં ચેકની વિગતેનાં નાણાં ચુકવી આપેલ નથી.** આથી, આ કામના આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગંભીર શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય આરોપી સામે ચેકના નાણાં પરત અપાવવા હાલની ફરીયાદ કરેલ છે

જયારે આરોપી પક્ષે ફરીયાદીના સરતપાસના આંક–૪ ના સોગંદનામા અન્વયે આરોપી તરફે કોઈજ ઉલટતપાસ થયેલ નથી.ફરીયાદી તરફે રજૂ કરેલ આંક :૧૭ ની અરજી મંજુર કરી આરોપી તરફેનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવાનો હૂકમ કરવામાં આવેલ છે.

આરોપી તરફે એફ.એસ. લેવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે.આમ,સમગ્ર કેસનુ રેકર્ડ જોતાં આરોપી તરફે કોઈપણ પ્રકારના મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા નથી.

આમ, ઉપરોકત ચર્ચા દવારા આરોપી પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ થયેલ નથી આમ, ફરીયાદ પક્ષ પોતાનું કાયદેસરનું લેણું તથા જવાબદારી સાબીત કરી શકેલ નહી તેનાં ઉપર આધારીત હોય તે ધ્યાને લીધેલ છે, પરંતુ આ કામે રજુ હકિકતો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદ પક્ષ પોતાનું કાયદેસરનું લેણું સાબીત કરી શકેલ છે. સાથે સાથે ઉપરોકત સમગ્ર ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, **Burden** આરોપી દવારા ફરીયાદ ઉપર **Shift** કરવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી કે નેગો. ૧૩૯ મુજબ **Presumption** ની વિરૂધ્ધનું આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી, ત્યારે સમગ્ર કેસની હકિકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી

પોતાનું આરોપી પાસે કાયદેસરનું લેણું સાબીત કરવામાં સફળ થયેલ હોય જેથી મુદ્દા નં. ૧ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.

(૨) આરોપી નિભાવતો હોય તેવા ખાતા ઉપાડનો ચેક એ ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી માટે આપેલ કે કેમ ? આ ચેક બેંકમાંથી ચેકનાં અસ્વીકાર માટે જમાં રકમ અપુરતીનાં શેરા સાથે પરત ફરેલ છે કે કેમ ?

આ મુદ્દા અન્વયે જોઈએ તો આ કામનાં ફરીયાદીની **આંક–૧** ની ફરીયાદમાં તથા **આંક–૦૪** નાં તેમનાં સરતપાસનાં સોગંદનામામાં જણાવેલ છે કે, ફરીયાદીએ ઉપરોકત ચેક કલીયરન્સ માટે ધી સા.કાંઠા ડી.સે.કો.ઓફ. બેંક, મોડાસા શાખાના પોતાના બેંક ખાતામાં તા.૧૦–૧૧–૨૦૨૫ ના રોજ જમા કરાવેલ અને સદર ચેક તા.૧૩–૧૧–૨૦૨૫ ના રોજ '' ફંડસ ઈનસફસીયન્ટ '' ના શેરા સાથે પરત આવેલ. જે **આંક–૧૦** ના રીટર્ન મેમા થી રજુ થયેલ છે.

આ મુદ્દા અન્વયે જોઈએ તો વાદવાળો ચેક બેંકમાંથી રકમની ચુકવણી વગર પરત ફર્યો છે તે હકિકત નિર્વીવાદ છે અને આ ચેક આરોપીનો હતો તે હકિકત પણ નિર્વિવાદ છે કારણ કે, આરોપી પક્ષે કોઈ એવો બચાવ લેવામાં આવેલ નથી કે, આ ચેક અમારો નથી. આ કામે આરોપીનો ચેક ફરીયાદી પાસે કઈ રીતે ખોટી રીતે પહોંચેલ છે ? આ ચેક આરોપીએ કોને આપેલો ? આ ચેક આરોપી પાસેથી ઉડીને ફરીયાદી પાસે ન જઈ શકે તે માનવું જોઈએ ત્યારે આવા માત્ર બચાવો ટકવાપાત્ર નથી. આ ઉપરાંત **નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૨૦** ધ્યાને લેવી જોઈએ તેમાં જણાવેલ છે કે, તેમાં નિર્દિષ્ટ કરેલી રકમ માટે, યથાપ્રસંગ, વટાવખત બનાવવાનો અથવા પુરુ કરવાનો પ્રથમદર્શનીય અધિકાર આપે છે, એ રીતે સહી કરી હોય તે હેસીયતમાં તે વ્યકિત કે વટાવખત ઉપરથી તે રકમ માટે, યથાક્રમ ધારકને જવાબદાર રહેશે. પરંતુ યથાક્રમ ધારક સિવાયની કોઈપણ વ્યકિત

તે ખત સોંપનાર વ્યકિત પાસેથી તે ખત હેઠળ જેટલી રકમ આપવાનો તેનો ઈરાદો હોય તેનાથી વધુ રકમ વસુલ કરી શકાશે નહી. આમ, આરોપીનો આ જોગવાઈ અન્વયે બચાવ ટકવાપાત્ર નથી.

આ ઉપરાંત ૧૯૯૬(૨) જી.એલ.આર. ૭૫૧, સંજય જયંતિલાલ શાહ વિ. પંકજ મશરૂવાલા અને અન્ય માં ઠરાવવામાં આવેલ છે કે, સંપૂર્ણ ચેક કોનાં અક્ષરમાં લખાયેલો છે તે મહત્વનું નથી, પરંતુ ૧૩૮ હેઠળ ચેક આપનારની ચેકમાં સહી જ મહત્વની છે. આ કામે જોઈએ તો આરોપીની ચેકમાં સહી બરાબર છે.

આ ઉપરાંત ફરીયાદીએ પોતાનો ચેક રીટર્ન થતા તે લગતનાં દસ્તાવેજોનાં આધારે આ ફરીયાદ કરેલ છે અને આ દસ્તાવેજો ઓરીજનલ રજુ છે જે વંચાણે લેતા બરાબર છે અને આની વિરૂધ્ધનું આરોપી પક્ષ સાબીત કરવા માંગતા હોય તો તેઓએ સદર બેંકનાં જવાબદાર અધિકારીઓને બોલવવા જોઈતા હતા, પરંતુ આ કામમાં કોઈ બેંક કર્મચારીને તપાસવામાં આવેલ નથી, ત્યારે માત્ર આવા બચાવનો લાભ આરોપીને મળવાપાત્ર નથી તથા ***Rebuttal*** લાભ પણ આરોપીને મળી ન શકે, તેથી આ મુદ્દો ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ છે.

(૩) ફરીયાદીએ વણચુકવેલ રકમનાં ચેકની નોટીસ આરોપી ને નિયત સમયમર્યાદામાં આપેલી છે કે કેમ ?

આ મુદ્દા અન્વયે જોઈએ તો, ફરીયાદીએ તેમની **આંક–૧** ની ફરીયાદથી તથા **આંક–૦૪** નાં સરતપાસનાં સોગંદનામામાં જણાવેલ છે કે, ચેક રીટર્ન થવાથી ફરીયાદીએ તા.૧૮–૧૧–૨૦૨૫ ના રોજ ધી નેગોશિયેબલ ઈસ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ આરોપીને તેઓના વિધ્વાન વકીલશ્રી મારફત આર.પી.એડી.થી નોટીસ મોકલી આપેલી જે નોટીસ આરોપીને તા.૧૯–૧૧–૨૦૨૫ ના રોજ મળી ગયેલ છે. જે અન્વયે **આંક–૧૧** થી પોસ્ટ ખાતાની અસલ સ્લીપ રજુ કરેલ છે તથા **આંક–૧૩** થી પોસ્ટખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ તથા ટ્રેક કન્સાઈનમેન્ટ રજુ

કરેલ છે. આમ, આ નોટીસ આરોપીને ધારા ધોરણસર બજી ગયેલાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૨ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.

(૪) આરોપી ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ અન્વ્યે ''ચેકનાં ધારણકર્તાની તરફેણમાં અનુમાન'' અન્વયે વિપરીત અસર *(Rebuttal)* પુરવાર કરી શકેલ છે ?

આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ રજુ કર્યા બાદ આરોપી પક્ષે પોતાનાં બચાવમાં ફરીયાદીની **આંક–૦૪** ની સરતપાસનાં સોગંદનામામાં આરોપી તરફે કોઈજ ઉલટતપાસ લીધેલ નથી. અને આક:૧૭ ની અરજી અનૂસધાને ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

આમ, આરોપી પક્ષ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ અન્વયે કોઈપણ પુરાવો ***રીબટલ*** કરાવી શકેલ નથી. આ ઉપરાંત નીચે મુજબનાં કેસોમાં ઠરાવવામાં આવેલ છે કે,

(૧) **૨૦૦૧(૩) ક્રાઇમ્સ સુ.કો. પેજ નં. ૨૨૦ હીરેન પી. દલાલ વિ. બતીન્દ્રનાથના** કેસનો ચુકાદો ધ્યાને લેતા, નેગોશીએબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયેના પ્રબંધોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. માત્ર લેખિત જુબાનીમાં ખુલાસો કરવો પુરતો નથી. તેના સમર્થનમાં તેણે સચોટ પુરાવો રજુ કરવો જોઇએ તેવું ઠરાવેલ છે. જયારે આ કામે આરોપી તરફે આવો કોઇ ઠોસ પુરાવો રજુ કરેલ નથી.

(૨) **૨૦૦૩(૨) જી.એલ.એચ. પેજ નં. ૭૫ સુ.કો. ગોવા પ્લાસ્ટ પ્રા. લી. વિ. શ્રીચીકો ઉરસુલાના** કેસમાં ઠરાવેલ છે કે, જયાં સુધી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેક ધારણ કરનારને કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી પેટે આપવામાં આવેલ હોવાનુ અનુમાન થાય. આ અનુમાન પુરાવો આપ્યા બાદ ***રીબર્ટ*** થઇ શકે તેમ ઠરાવેલ છે. આ કેસમાં આવો કોઇ ***રીબર્ટ*** પુરાવો આરોપી પક્ષે રજુ કરવામાં આવેલ નથી.

આમ, આરોપી પક્ષે કોઇ ખંડનાત્મક હકીકતો રજુ કરવામાં આવેલી ન

હોય તેથી આ મુદ્દો ફરીયાદ પક્ષ સાબીત કરવામાં સફળ થયેલ છે.

જયારે ***એ.આઇ.આર. ૨૦૧૦, સુપ્રિમ કોર્ટ, પેજ નં. ૧૮૯૮, રંગપ્પા વિ. મોહન (ડીવી. બેંચ)*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જયારે આરોપીએ ચેકમાં તેની સીગ્નેચર અંગેની તકરાર લીધેલ ન હોય ત્યારે નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૯ માં એવું અનુમાન થાય આ ચેક કાયદેસરનું દેવું અથવા જવાબદારી પેટે આપવામાં આવેલ છે. આની વિરૂધ્ધનું આરોપી લાવે તો જ તેને ***રીબટલ*** નો લાભ મળે અને તેણે ***પ્રોબેબલ ડીફેન્સ*** રજુ કરવા જોઇએ. આ જજમેન્ટમાં નામ. સુ. કો. ઠરાવેલ છે કે ચેક ખોવાનો બચાવ લેવામાં આવેલ હોય ત્યારે તેની જાણ બેંકને કરવી જોઇએ અને તે લગત સ્ટોપ પેમેન્ટ કરાવવું જોઇએ. આ ઉપરાંત જજમેન્ટમાં ઠરાવવામાં આવેલ છે કે આરોપી પક્ષે તેનો કોરો ચેક ખોવાયેલો હતો તેવો બચાવ લેવામાં આવેલ છે પરંતુ જ્યારે નોટીસ મોકલવામાં આવી ત્યારે આરોપીએ તેનો કોઈ વ્યવસ્થિત જવાબ આપેલ ન હતો અને તેથી તે પોતાનો ***પ્રોબેબલ ડીફેન્સ*** રીબર્ટ કરી શકેલ ન હતો અને તેથી સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટનો હુકમ કન્ફર્મ રાખેલ. જયારે આ કેસમાં જોઇએ તો આરોપી પક્ષે એવી ક્યાંય તકરાર લેવામાં આવેલ નથી કે આ ચેક અમારો નથી કે અમારી સીગ્નેચર નથી ત્યારે કલમ–૧૩૯ નું અનુમાન ફરીયાદીના પક્ષે થાય છે. આ ઉપરાંત આરોપી પક્ષે બચાવ કે આરોપીએ જે હકીકતો જણાવેલ છે તે લગત પોલીસ ફરીયાદ કરેલ હોય તેવું બનેલ નથી તથા આરોપીએ બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવ્યાનું કયાંય રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ત્યારે કલમ–૧૩૯ નું પ્રીઝન્સન આરોપી પક્ષે ***રીબટલ*** કરી શકેલ નથી.

આ ઉપરાંત ***એ.આઇ.આર. ૨૦૦૧ સુ.કો. પાના નં. ૩૮૯૭ હિતેન પી. દલાલ વિ. બતીન્દ્રનાથ બેનર્જી*** ના ચુકાદામાં પાના નં. ૨૨ માં સ્પષ્ટ જણાવેલ છે કે, પ્રીઝન્સન પ્રત્યેક કેસના ફેક્ચુયલ બેજીસ ઉપર આધારીત હોય છે. પ્રીઝન્સન પુરાવનો રૂલ્સ છે પણ એનાથી એવું અનુમાન ન થઇ શકે કે નિર્દોષતા છે. આ ઉપરાંત આ જજમેન્ટમાં ઠરાવેલ છે કે, આરોપીએ એવો પુરાવો રજુ કરવો જોઇએ કે પ્રોબેબેલીટી ઓફ નોન એકઝોસ્ટન્સ ઓફ ધી ફેકટ. આ ઉપરાંત પેરા–૨૩ માં પણ આ જજમેન્ટમાં જણાવેલ છે કે, અનુમાન સંબંધે કોર્ટની વિવેકબુધ્ધિ ઉપર મુકવું જોઇએ અને તેમાં ઠરાવેલ છે કે, ***રીબટલ*** કરવા માટે સક્ષમ પુરાવો પોતાના સમર્થનમાં રજુ રાખવો જોઇએ. જેથી કોર્ટ તેનું અનુમાન કરી શકે. આ ઉપરાંત

AIR.1999 SUPREME COURT, PAGE No. 1008 Bharat Barrel Drum Manufacturing તેમાં ઠરાવેલ છે કે, The Defendant of Proving the non existence of the Consideration can be either direct or by bringing on Record the Preponderance of Probabilities by Reference to the Circumstance Upon which he Relies. આ અન્વયે જોઇએ તો આ જજમેન્ટમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપીએ પોતાનું દેવું નથી તેવું પુરવાર કરવા માટે ડાયરેકટ અથવા તો રેકર્ડ લાવવાને સંભવિતતા સાબિત કરવી જોઇએ. જયારે લાગુ કેસમાં આવી કોઇ હકીકત આરોપી પક્ષે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી, તેથી સદર જજમેન્ટ આરોપીની વિરૂધ્ધનું માનવાને પાત્ર છે. આ ઉપરાંત સદર જજમેન્ટમાં ઠરાવેલ છે કે, Bare Denial માત્રથી આરોપી તેનો બચાવ ઉભો ન કરી શકે તેને પણ ***પ્રોબેબલ*** બચાવ માટે રેકર્ડ ઉપર લાવવો જોઇએ. સદર કામમાં આવો કોઇ પણ બચાવ આરોપીએ રજુ રાખેલ નથી. આ ઉપરાંત ***એ.આઇ.આર. ૨૦૧૦, સુપ્રિમ કોર્ટ, પેજ નં. ૧૮૯૮, રંગપ્પા વિ. મોહન*** ના ચુકાદામાં પેરા–૧૫ માં ઠરાવેલ છે કે, સામાન્ય વિસંગતતા હોય તો ફરીયાદના વર્ઝનનો લાભ આરોપીને ન મળવો જોઇએ માત્ર તેને ચેકમાં સહી કર્યાનું સાબિત થાય તો સ્ટેચ્યુટરી પ્રીઝન્સન થાય કે આ ચેક આરોપીએ દેવું કે જવાબદારી પેટે આપેલ છે.

આમ, ઉપરોકત હકીકત મુજબ આરોપીએ નેગોશીએબલલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં, ***૨૦૦૧(૧) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટ પેજ નં. ૧૬૫ પંકજભાઇ નાગજીભાઇ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત*** નો ચુકાદો ધ્યાને લીધેલ છે. આ ચુકાદામાં સ્પષ્ટ જણાવેલ છે કે, ચેકનો અનાદર થયેથી દંડ, સજા તથા નુકશાન વળતર ચુકવવાનો હુકમ થઇ શકે અને મેજીસ્ટ્રેટ ક્રિ.પ્રો.કો. કલમ–૩૫૭ હેઠળની સત્તા વાપરવી જોઇએ તેમ ઠરાવેલ છે. આમ, ઉપરોકત રજુ ફરીયાદ, પુરાવાઓ, દલીલો તથા મુલ્યાંકન વિગેરેને ધ્યાને લઈ મુદ્દા નં.૧ નો જવાબ ''હકારમાં'' ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

(૧) આ કામના આરોપી : અહેમદભાઈ અલ્લારખભાઈ વણજારા નાઓને બી.એન.એસ.એસ.ની કલમ – ૨૭૮ અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુના બદલ આરોપીને ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ન ભરે તો વધુ દિન–૩૦ (ત્રીસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામનાં આરોપીને એવો હુકમ ફરમાવવામાં આવે છે કે, બી.એન.એસ.એસ.ની કલમ – ૩૯૫ અન્વયે તેઓએ આ કામનાં ફરીયાદીને ચેકની મુળ રકમ કુલ રૂા.૨,૬૦,૦૦૦/–(અંકે રૂપીયા બે લાખ,સાહીઠ હજાર પુરા) ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામમાં આરોપી તરફે જો કોઈ જામીન રજુ કરવામાં આવેલ હોય તો તે રદૃ કરવામાં આવે છે.

(૫) આરોપીની ગેરહાજરીમાં બી.એન.એસ.એસ. ની કલમ – ૩૯૨ મુજબ હુકમ જાહેર કરવામાં આવેલ હોય આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ ઈશ્યુ કરવુ અને પકડાઈ આવેથી સજાના અમલ માટે મોકલી આપવા.

(૬) આ ચુકાદાની એક નકલ બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ અન્વયે આરોપીને વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તા. ૦૧ લી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૬ સ્થળ : મોડાસા.	**(પી. ડી. જેઠવા)** ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા. **જજ કોડ નં. જી.જે. ૦૦૯૦૧**

જે. આર. રાઠોડ, પી. એ.